# કાનજી પટેલના “ધરતીનાં વચન” કાવ્યસંગ્રહનાં લોકસંવેદન

ડૉ. રાજેશ વણકર
આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ મોરવા(હ)

'ધરતીનાં વચન' (૨૦૧૨) એ કાનજી પટેલનો 'જનપદ' (૧૯૯૧) અને 'ડુંગરદેવ' (૨૦૦૬) પછી પ્રગટ થયેલો ત્રીજો કાવ્યસંગ્રહ છે. આપણા પ્રથમ હરોળના સર્જક મણિલાલ હ. પટેલ 'પરબ' (ફેબ્રુઆરી ૨૦૧૩) ના અંકમાં લખે છે કે, "ધરતીનાં વચન પણ એમની તળપદ જનચેતના સાથે, આરણ્યકોની અસલ ભૂતલ સાથે જોડાયેલી, જીવ અને જીવચેતનાને સોંસરી તાકે છે. અહિં માટી માતા છે ને પથ્થર દેવ છે તો ડુંગર પૂર્વજ છે - પાણી પ્રાણ અને તેજતિમિર જીવજીવનની ગતિ છે, મતિ છે, આ કવિની સમમતિ છે. ધરતી, પ્રકૃતિ અને આકાશને સંબોધે છે. મૂલના લોકોનું અને એ અસલ કાળની રસમ બની ગયેલી રિતીઓની વાતો આ કવિતાઓનો મૂળાધાર છે. પૃથ્વિ અને પૂર્વજ વતી કવિ વિતેલી કથાનું કથન કરે છે ને વર્તમાનની વ્યથા વેદનાની વાત માંડે છે. વનવાસીના વગડા પડાવી લેવાની રાજ્યની પેરવીઓથી વ્યથિત તળનો મલક અને માણસ વ્યગ્ર થયો છે - એની કવિતા ગુજરાતીમાં કાનજી પટેલ દ્વારા પહેલવારકી થઈ રહી છે. આ કવિતાઓમાં સામાજિક પ્રતિબદ્ધતા જોતા પહેલા કવિની ભૂમિકા પણ જોવી પડે,

"રોજ થાય છે કે આ ડુંગર હર્યોભર્યો હતો.
જગત ડુંગરે આવતુ ગયું અને ખાતું ગયું, ડુંગરાને ખૂટાડતું રહ્યું
બોડો કરી રહ્યું, પછી નદી ગઈ, ઝાડ ગયા, પથરા તૂટીને મોં ફાડી રહ્યાં.
નદી મારી મા છે, આ ઝાડ મારો બાપ છે.
અમારા પૂર્વજો પાણી થઈને પાણી થઈને ઝાડ થઈને ફૂટ્યાં છે.
અમે અહિં જીવીશુ અને મરીશુ..." (તેજગઢની વાટે, પૃ. ૨૪-૨૫)

દક્ષા ભાવસાર 'તાદર્થ્ય' (જૂન ૨૦૧૭) ના અંકમાં નોંધે છે તેમ, અહિં કેન્દ્રમાં તો મૂળ તરફ પાછા જવાની વાત છે. 'લોક' એટલે કે આદિવાસી સમાજ, જે સૌથી વધું પ્રકૃતિ અને ધરતી સાથે જોડાયેલો છે, ધરતી એને લાડ કરે છે, પણ જેણે જાણી જોઈને પોતાના મૂળીયા ઉખેડી નાખ્યાં છે, એને ધરતી જાણે પાછા બોલાવે છે. સંગ્રહની પહેલી રચના 'ગીત સાંભળ' શ્રુતિગમ્ય રચના છે. આ કવિતામાં શોષનની વાત કરવામાં આવી છે. જે લોકો બીજાનું શોષણ કરે છે, એ ક્યારેય થાકતા નથી. કવિ લખે છે,

"વનકઠી જાય છે
પાણી પીવાય છે
પેટાળ ઉલેચાય છે
બળતા કાળજે
ભભૂકતી લડાઈમાં
લથડતાં ખોળિયામાં
પંખી છેડે મરશિયા" (ધરતીનાં વચન, પૃ. ૧)

પેટાળો ઉલેચાઈ ઉલેચાઈને ખાલી થઈ ગયા છે, પાણી ખૂટી ગયું છે, વગેરે દ્વારા ભોગવાદની સંસ્કૃતિનું વનસંસ્કૃતિ પર આક્રમણ થયેલું દેખાય છે. વિવિધ પ્રતિકો દ્વારા પ્રકૃતી અને પર્યાવરણના વિનાશની એંધાણી આ કવિતામાં રજૂ થવા પામી છે.

'આજનુ બયાન' માં વર્તમાન સ્થિતિનો સંવેદનશીલ ચિતાર રજૂ થયો છે. કવિ વ્યથિત અને વ્યગ્ર છે. કવિ કરી કરિને શું કરી શકે? અને એટલે કવિ કવિતામાં કહે છે કે,

'આજ બહું વ્યાકુળ હોય છે
આજનું બયાન ઔર વ્યાકુળ" (ધરતીનાં વચન, પૃ. ૨)

આદીવાસી સંસ્કૃતિ ઉપર થતું આક્રમણ અહિં સૂક્ષ્મ રીતે રજૂ થવા પામ્યું છે. 'માટી ના ઉકલઈ' કવિતામાં કવિ કહે છે કે,

"આકાશબાપા,
અમને
એક આ ધરતીની શેરમાટી ના ઉકલી" (ધરતીનાં વચન, પૃ ૪)

આ કવિતામાં સમજથી પરે એવા વિષયની વાત રજૂ થવા પામી છે, જેમાં ભોળા લોકને વિસ્મય સિવાય બીજુ શું દેખાય ?

'દેખાય તો' કવિતામાં લોક દ્વારા સૃષ્ટિ સર્જનની કલ્પના રજૂ થવા પામી છે,

"એને પાણીમાં પ્રથમી રોપી
થોડી વારમાં બહાર ખેંચી
પ્રકાશ પાથર્યો
પાંખ આપી
પવન આપ્યો
આકાશ ઉતાર્યું' (ધરતીનાં વચન, પૃ. ૫)

'છીએ' કવિતામાં આદિજન વારસદાર તથા વનસંસ્કૃતિ પોતાની હયાતીની જાહેરાત ગુમાનથી કરે છે. લોક પોતાના અસ્તિત્વની કહાની કહે છે. જે લોકો અહિંના છે, મૂળના છે, એમનાં પર આવીને બહારના લોકોએ આક્રમણ કર્યા, પીડા આપી, શોષણ કર્યુ છતાંયે આદિવાસી ટકી રહ્યો છે. પોતાના અસ્તિત્વનું બયાન કરતી આ સબળ રચના છે. જુઓ,

"પહેલ પરથમનાં
નામ પાડનારાં
પુરાણા મનને આંકનારાં
ગળાને ઘૂંટનારાં
અમે હજુ છીએ
એક એક કાપે ઉગનારાં
પાણી મરશે
ત્યારે મરશું" (ધરતીનાં વચન, પૃ. ૬)

'લૂણ મારું લોહિ પીવે' કવિતામાં આદિવાસીઓને કેવી કેવી રીતે છેતરવામાં આવે છે, કેવા કેવા પ્રલોભનો આપવામાં આવે છે, કેવી રીતે ભોળવી નાખવામાં આવે છે અને પછી એનો ઘેરલાભ શાહુકારિ, ધનિકો અને ભોગવાદીઓ ઉઠાવે છે એની વાત હ્રદયદ્રાવક રીતે રજૂ થવા પામી છે.

"મધ ખૂટતાં જાય
નદી વરાળ થાય
ઠરાવ ઠેબે દેવાય
વન હુરુડ થાય

મનખા હુલે
વખ વકરે
ધરતી પોકારે
લૂણ મારું લોહી પીવે છે. (ધરતીનાં વચન, પૃ. ૮)

'માલૂણ' કવિતામાં પ્રકૃતિ પ્રત્યેની લાગણી દર્શાવવામાં આવ્ છે. હિરવી અને હિરવણના પ્રતીકો દ્વારા. જુઓ,

"જીવ કંદ વેલા ઝાડ વહેળા વાંધ્યા ડુંગરા પરખાવે
રખવાળું કરે
રાજી રાખે હિરવી ને હિરવણ" (ધરતીનાં વચન, પૃ ૯)

'અરજી' કવિતામાં લોક દ્વાર બનાવાતા કુદરતી અને દેશી વાદ્યો, વિધિવિધાન, પરંપરાઓ, લૌકિક ક્રિયાઓ, ખેતી વિષયક વિચારો વગેરે દ્વારા જીવનનું દ્રશ્ય છતું થાય છે, અને એ બધુ શાશ્વત રહેશે કે નહિ તે વિષે કવિ કહે છે.

"માડી,
આ ઝાડી, કોતરનાં પાણી, મેદાન
જનાવર, મનખાના મેળા
અમ્મર તો રાખીશ ને?" (ધરતીનાં વચન, પૃ. ૧૧)

'ગુલામડા' કવિતામાં વ્યક્ત થતી જીવનની વિભિષિકા અહિ સ્પષ્ટ રીતે જોવા મળે છે. સૃષ્ટિમાં જીવનારા જનાવરોનો ખાતમો થાય છે. ધીરે ધીરે ઘણાબધાં જીવો નાશ થઈ રહ્યાં છે. જુઓ,

"કાચીંડા વાનર કીડી કીટક કૂકડાં બકરાં
વૃક્ષ વાયુ સાપ પોપટ ગીધ
શિયાળ, સિંહ, હાથી, વરૂ, ગરૂડ ખવાઈને મટવા
આવ્યાં
બધાંના ઘડનારે
આ માથું ઘડ્યું
એ પહેલાં સહુ ઘડતર મોજમાં હતાં
આ આવ્યું કે
ગુલામડાં મંડાયાં
વસ્તુનાણ્ જીવડાનાં." (ધરતીનાં વચન, પૃ. ૧૪)

કાળા માથાના માનવી જ્યારથી આ જગતમાં આવ્યા, વિકસ્યા, જીવ્યાં, ને બીજાના જીવનને રફેદખે કરી નાખ્યું પ્રકૃતિ જન-જનાવરને પણ સલામત ન રહેવા દીધાં. તેની આ કવિતા શાખ પૂરે છે.

'લેખે લાગે' કવિતામાં મજૂરી કરતા આદિવાસીની વેદના રજૂ થઈ છે. મૂળ જીવન છોડી એણે દૂરદૂર જવુ પડે છે. એકબાજું આદિજીવન છે, બીઈ બાજુ 'અંતરનેટનાં અજવાળાં'નું જીવન છે. અને છતાંય મૂળને સાચવી રાખવાની મથામણ છે. પરંપરા, સંસ્કૃતિ અને કલાને સાચવવા આ લોક જીવ રેડી દે છે. આદિવાસી